**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૨૬/૧/૨૦૧૫ સોમવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૧/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૮ કેસ કરી, ૨૦ વ્યક્તિઓને ઝડપી, ૯૬ લીટર દેશી દારૂ અને ૯ બોટલ ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૧ કેસ કરી ૧૧ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૪૪,૨૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૨/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૩૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અતકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૭૩/૧૫**

**સેટેલાઈટઃ** પિયુષકુમાર કાન્તીલાલ શાહ (રહે.સિધ્ધાર્થ સોસાયટી ભગવાનનગરનો ટેકરો મહાલક્ષ્મી ચાર રસ્તા પાસે પાલડી) એ તા.૨૫/૧/૧૫ નારોજ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૧/૧૫ રાતના ૧૦/૦૦ વાગ્યાથી તા.૨૫/૧/૧૫ સવારના ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન સેટેલાઈટ શ્રેયસ રેલવે ક્રોસીંગ પાસે રંગતરંગ એપાર્ટમેન્ટમાં આવેલ પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૨,૩૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ યુ મસી ચલાવે છે.

**સોનાનું મંગળસુત્ર ખેંચી તોડી લઇ ગયા :-** **સમાચાર યાદી નં.૧૭૪/૧૫**

**ખોખરાઃ** શોભાબહેન પ્રકાશભાઈ લુટે (મરાઠી) (રહે.સૈજપુર કુબેરેશ્વર મહાદેવ પાસે કુબેરદાસની ચાલી નરોડા) તા.૨૫/૧/૧૫ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે ખોખરા હરીપુરા સેવડેં સ્કૂલની સામે ત્રણ રસ્તા નજીકથી પતિ સાથે એક્ટીવા પાછળ બેસી પસાર થઈ રહ્યા હતા ત્યારે પલ્સર મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ શોભાબહેનના ગળામાંથી સોનાનુ મંગળસુત્ર કિમત રૂપિયા ૩૫,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ શોભાબહેન લુટે એ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એમ ચૌહાણ ચલાવે છે.

**નારણપુરાઃ** ઝૈદ ઉમર વ્હોરા (ઉ.વ.30) (રહે.ક્લાસીક હોમ અંબર ટાવર પાસે સરખેજ જુહાપુરા રોડ સરખેજ) એ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૧/૧૫ બપોરના ૩/૦૦ થી ૩/૪૦ વાગ્યા દરમ્યાન ઉસ્માનપુરા રીવરફ્રન્ટ પાર્ક ગેટ આગળ પાર્કીંગમાં પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી અજાણી વ્યક્તિ કારમાંથી રૂપિયા ૪૧,૦૦૦/- ભરેલ બેગ તેમજ બિજા પર્સમાના રૂપિયા ૭,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪૮,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જી એમ ગોહેલ ચલાવે છે.

**આત્મહત્યા :** **સમાચાર યાદી નં.૧૭૫/૧૫**

**ગાયકવાડ હવેલીઃ** કુણાલ દિનેશભાઈ પરમાર (ઉ.વ.30) (રહે.પ્રગતીચોક રાયખડ જમાલપુર) એ બિમારીથી કંટાળી તા.૨૪/૧/૧૫ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાના શરીર ઉપર કેરોસીન છાંટી સળગી ગયા હતા. સારવાર માટે તેમને વા.સા હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ગાયકવાડ હવેલી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પન્નાલાલ બદાભાઈ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.